# વિકલાંગ બાળકોનું સંકલિત શિક્ષણ

**સર્વ શિક્ષા અભિયાન**

**સૌ ભણે, સૌ આગળ વધે**



ઑક્ટોબર, ૨૦૦૪

**SARVA SHIKSHA ABHIYAN**
*(Censitization of Regular Teachers to the Education of Children with Disabilities in SSA)*

પ્રથમ આવૃત્તિ : ઑક્ટોબર, ૨૦૦૪

**પ્રકાશક :**
**સંમિલિત શિક્ષણ એકમ / ઈન્ક્લ્યુઝિવ એજ્યુકેશન યુનિટ**
**તકનિકી સમર્થન જૂથ / ટેકનિકલ સપોર્ટ ગ્રુપ**
**એજ્યુકેશનલ કન્સલ્ટન્ટ્સ ઈન્ડિયા લિમિટેડ,**
૧૦-બી, આઈ.પી. એસ્ટેટ,
નવી દિલ્હી - ૧૧૦ ૦૦૨

**ગુજરાતી સંસ્કરણ :**
**પ્રા. જ. ઈ. ગઠીઆવાળા ‘‘સંશોધન કેન્દ્ર’’,**
બ્લાઈન્ડ પીપલ્સ ઍસોસિયેશન,
અંધજન મંડળ, વસ્ત્રાપુર,
અમદાવાદ - ૩૮૦ ૦૧૫

**ટાઈપ સેટિંગ :**
**ઈનોવેટિવ પ્રિન્ટ ઍન્ડ પૅક**
કચરિયા પોળ, બાલાહનુમાન,
ગાંધી રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧
**ફોન :** ૨૨૧૩૭૯૫૭ / ૨૨૧૭૧૯૪૮

**મુદ્રક :**
**યુનિક ઑફસેટ**
એન. આર. એસ્ટેટ,
તાવડીપુરા, શાહીબાગ,
અમદાવાદ – ૩૮૦ ૦૦૪

**સર્વ શિક્ષા અભિયાનમાં વિકલાંગ બાળકોના શિક્ષણ વિશે સામાન્ય શાળાના શિક્ષકોનું સંવેદિનીકરણ**

# સર્વ શિક્ષા અભિયાનમાં સંમિલિત શિક્ષણમાં મોટા પાયે સામૂહિક શિક્ષક પ્રશિક્ષણ

સર્વ શિક્ષા અભિયાનમાં સંમિલિત શિક્ષણ અથવા વિકલાંગ બાળકોનું શિક્ષણ એક અત્યંત મહત્ત્વનું ઘટકતત્ત્વ છે. હકીકતમાં સર્વ શિક્ષા અભિયાનનો પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રીકરણ કરવાનો ઉદ્દેશ વિકલાંગ બાળકોને શિક્ષણ આપ્યા વગર સિદ્ધ કરી શકાય નહીં. દરેક શાળામાં કેટલાંક વિકલાંગ બાળકો હોઈ શકવાથી, એક શિક્ષક તરીકે, તમારે માટે ‘સંમિલિત શિક્ષણ’ અને ‘વિકલાંગ બાળકો’ એ પદોના શા અર્થ થાય છે તે સમજવા આવશ્યક છે.

સંમિલિત શિક્ષણનો અર્થ છે તમામ બાળકોને (વિકલાંગ હોય કે ન હોય) નિયમિત/સામાન્ય શાળામાં ભેગા શિક્ષણ. આ એક અભિગમ છે જે સૌ બાળકોનાં અનન્ય લક્ષણો, રસ, ક્ષમતાઓ અને શીખવાની જરૂરિયાતોને ગણતરીમાં લે છે. તમામ શાળાઓએ તેઓના અભિગમમાં સંમિલિત થવું પડશે. જેથી આ શાળાઓ જેઓની અંદર જ તમામ બાળકોની જરૂરિયાતો પૂરી કરવાને સક્ષમ હોય તેવા બાળક-કેન્દ્રી શિક્ષણવિદ્યાને અવકાશ છે તેઓ વિકલાંગ બાળકોની પહોંચમાં આવે. સંમિલિત શાળાઓ જ કદાચ ભેદભાવ કરતાં મનોવલણો સામે જંગ કરવાનું, આવકાર આપવાને તત્પર સમુદાયોનું સર્જન કરવાનું અને સૌને માટે શિક્ષણ સિદ્ધ કરવાનું સૌથી વધુ અસરકારક સાધન છે. પરંતુ એ મહત્ત્વનું છે કે જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી, બાળકો તેઓને પૂરતી રીતે શીખવાને માટે જે જરૂરની હોય તે ટેકા-સહાય મેળવે. ઉદાહરણ તરીકે, એક બાળક જે શીખવામાં ધીમું છે તેને શિક્ષકના વધુ ધ્યાનની જરૂર પડી શકે છે અથવા એક બાળક જેને દૃષ્ટિની/જોવાની કેટલીક સમસ્યાઓ હોય તો તેને કાળા પાટિયાની સામે તદ્દન નજદીકમાં બેસાડી શકાય છે.

વિકલાંગ બાળકો એ પદ એવાં બાળકોનો સંદર્ભ દર્શાવે છે જેઓને દૃષ્ટિની, શ્રવણની, હરવા-ફરવાની, શીખવાની અને મંદબુદ્ધિની સાથે જોડાયેલ સમસ્યાઓને કારણે શૈક્ષણિક જરૂરિયાતો છે. વિકલાંગ બાળકોની જરૂરિયાતો પૂરી કરવા સામાન્ય/નિયમિત શાળાઓએ સુધારા કરવાની જરૂર છે જે તમામ બાળકોનાં સંમિલિત શિક્ષણને પ્રોત્સાહન આપે અને જે વિદ્યાર્થીઓની વિવિધતાને સમાવે તેમજ તમામ બાળકોને શીખવાની સુવિધા પૂરી પાડે એવી સ્થિતિઓ સર્જવાના માર્ગ શોધી આપે.

**★ ઉદ્દેશો :**

આ ઉપઘટકના મુખ્ય ઉદ્દેશો છે શિક્ષક માટે –

- બાળકોની મહત્ત્વની વિશેષ જરૂરિયાતો સમજવી.
- જુદી જુદી વિશેષ જરૂરિયાતો હોય તેવાં બાળકોની નિશ્ચિત ઓળખ કરવી.
- વિકલાંગ બાળકોના વર્ગખંડ સંચાલનની કેટલીક સમજ મેળવવી.

## ★ વિકલાંગતાઓના / વિશેષ જરૂરિયાતોના પ્રકાર :

એક શિક્ષક તરીકે તમારે માટે તમારા વર્ગખંડમાં જેઓનો સામનો કરવો પડી શકે છે તેવા વિકલંગતાઓના/વિશેષ જરૂરિયાતોના સૌથી વધુ સર્વસામાન્ય પ્રકારો નિરપેક્ષ રીતે જાણવા આવશ્યક છે. વિકલાંગતાઓના મહત્ત્વના પ્રકાર નીચે મુજબ છે :

- જોવામાં સમસ્યા અથવા દૃષ્ટિની સમસ્યાઓ (V.I.)
- શ્રવણની સમસ્યાઓ (H.I.)
- હાલવા-ચાલવામાં સમસ્યાઓ, બાળલકવામાં હોય છે તેવી (O.H.)
- મંદબુદ્ધિતા (M.R.)
- શીખવામાં મહત્ત્વપૂર્ણ સમસ્યાઓ (L.D.)

આ સૌની નીચે સંક્ષેપમાં સમજૂતી આપવામાં આવી છે :

**દૃષ્ટિની સમસ્યાઓ :** આ મુખ્યત્વે બે પ્રકારની છે : **દૃષ્ટિહીનતા અને અલ્પદૃષ્ટિ.**

**દૃષ્ટિહીનતા**નો અર્થ છે એક બાળક કે જેની દૃષ્ટિમાં એટલી ક્ષતિ થયેલી છે કે તે/તેણી વાંચી શકતું નથી.

**અલ્પદૃષ્ટિ** બાળક કદવિસ્તારક યંત્ર / સાધન (વિશેષ ચશ્મા)ની મદદથી વાંચી શકે છે અને તેને શીખવવાની તકનિકોમાં ગૌણ સ્વરૂપના અનુકૂલીકરણોની જરૂર પડી શકે છે.

**શ્રવણની સમસ્યાઓ :**

એક બાળક જેણે ધ્વનિઓ/પાછળ અથવા અન્ય કોઈ બાજુએ થતી વાતચીત સાંભળવામાં મુશ્કેલી પડે છે.

**હાલવા-ચાલવામાં સમસ્યાઓ :**

એક બાળક જેણે હાડકાં, સાંધાઓ અથવા સ્નાયુઓમાં કેટલીક સમસ્યાઓને કારણે અવયવો અથવા શરીરના કોઈ અન્ય ભાગના હાલવા-ચાલવામાં સમસ્યાઓ હોય છે.

**મંદબુદ્ધિતા :**

એક બાળક જેનું મન સંપૂર્ણ રીતે વિકસિત નથી અને યથાયોગ્ય ન હોય તેવું સામાજિક વર્તન દર્શાવે છે.

**શીખવામાં સમસ્યાઓ :**

એક બાળક જે વાંચવામાં/લખવામાં/ગણિતમાં અથવા આપેલા કાર્યાંશ ઉપર વાજબી સમયગાળા માટે ધ્યાનની એકાગ્રતા ટકાવવામાં નોંધપાત્ર મુશ્કેલી દર્શાવે છે.

## ★ વિકલાંગ બાળકોની નિશ્ચિત ઓળખ :

શિક્ષક તરીકે આ બાળકોની જરૂરિયાતો અને તેઓએ સામનો કરવો પડતી સમસ્યાઓને તમારે જાણવી જોઈએ. વર્ગમાં કેટલાંક બાળકો ઉપર જણાવેલી સમસ્યાઓ પ્રદર્શિત કરી શકે છે. તેથી, આવાં બાળકોની નિશ્ચિત ઓળખ કરવા શીખવવાનું મહત્ત્વનું છે. એક સરળ ચકાસણી યાદી જે તમને તેમ કરવામાં મદદ કરી શકે છે તે તમારે માટે નીચે આપવામાં આવી છે.

## વિકલાંગ બાળકોની નિશ્ચિત ઓળખ માટે ચકાસણી યાદી

| **દષ્ટિક્ષતિ** | **હા** | **ના** |
|---|---|---|
| શું બાળકને એક મીટર દૂર અંતરે બહાર પ્રસરાવેલા હાથની આંગળીઓ ગણવામાં મુશ્કેલી છે ? | | |
| શું બાળકની અસાધારણ આંખો (બહાર ફૂલેલી/અતિ વધુ મોટી અથવા અતિ વધુ નાની) છે ? | | |
| શું બાળકની આંખો વારંવાર લાલ થાય છે ? | | |
| શું બાળક તેનું / તેણીનું માથું પ્રકાશના સ્રોત તરફ ફેરવે છે ? | | |
| શું બાળક વાંચતી વખતે તેનું / તેણીનું માથું એક બાજુએથી બીજી બાજુએ ફેરવે છે ? | | |
| શું બાળક દૂરના પદાર્થ ઓળખવામાં મુશ્કેલી અનુભવે છે ? | | |
| શું બાળક તેની / તેણીની આંખો વારંવાર ઘસે છે ? | | |
| શું બાળક આંખોનો નજદીકથી ઉપયોગ જરૂરી હોય તેવું કાર્ય કરવામાં મુશ્કેલી હોવાનું દર્શાવે છે ? | | |
| શું બાળક પુસ્તકો તેની/તેણીની આંખોથી અતિ વધુ નજદીક અથવા અતિ દૂર પકડે છે ? | | |
| શું બાળક કાળા પાટિયા ઉપરથી નોંધ કરતી વખતે અન્ય બાળકોને વારંવાર પૂછ્યા કરે છે ? | | |
| શું બાળક કાળા પાટિયા ઉપરથી વાંચવામાં મુશ્કેલી પ્રદર્શિત કરે છે ? | | |
| શું બાળક વસ્તુઓ ઉપર લથડિયાં ખાય છે અથવા લોકો સાથે અથડાય છે ? | | |
| શું બાળક બાજુઓ પરની વસ્તુઓ સામે અફળાય છે ? | | |

**નોંધ :** તમને વર્ગમાં જો બાળક ઉપરમાંથી કોઈ ચાર અથવા વધુ ચિહ્નો હોવાનું દર્શાવે તો બાળકનો આકારણી શિબિર સાથે માહિતી સંદર્ભ કરવો જોઈએ.

| **શ્રવણક્ષતિ** | **હા** | **ના** |
|---|---|---|
| શું બાળકને વર્ગમાં ધ્યાન આપવામાં મુશ્કેલી છે ? | | |
| શું બાળક સાંભળવાના હેતુ માટે કોઈ એક કાનની તરફેણ કરે છે ? | | |
| શું બાળકને સાંભળવાની સમસ્યા છે જ્યારે તમે તેને / તેણીને પાછળની બાજુએથી બોલો છો ? | | |
| શું તમે વિચારો છો કો બાળક અતિ વધુ મોટેથી અથવા અતિ વધુ ધીમેથી બોલે છે ? | | |
| શું બાળક અવાજની સમસ્યા અથવા ખોટા ઉચ્ચાર દર્શાવે છે ? | | |
| શું બાળક ટીવી / રેડિયો અતિ વધુ મોટેથી વગાડે છે ? | | |
| શું બાળક તમારા પ્રશ્નોના સંદર્ભહીન રીતે જવાબ આપે છે ? | | |
| શું બાળક તેના / તેણીની વયના મિત્રોથી દૂર રહે છે ? | | |
| શું બાળક તમને કોઈ પ્રતિભાવ આપતું નથી, જ્યારે તમે બીજા ઓરડામાંથી બોલાવો છો ? | | |
| શું બાળક માત્ર થોડાં પુનરાવર્તનો પછી જ સૂચનાઓ સમજે છે ? | | |

**નોંધ :** જો ઉપરનામાંથી કોઈપણ ૩-૪ પ્રશ્નોના એવા પ્રતિભાવ હોય જે કોઈક પ્રકારની સાંભળવાની / બોલવાની સમસ્યા દર્શાવે છે તો ત્યાર પછી બાળકની આકારણી શિબિરમાં કાળજીપૂર્વક તપાસ કરવી જોઈએ.

| સ્થળાંતરણીય ક્ષતિ | હા | ના |
|---|---|---|
| શું બાળકને શરીરના કોઈ ભાગનું હલનચલન કરવામાં અથવા ઉપયોગ કરવામાં મુશ્કેલી છે ? | | |
| શું બાળકના શરીરનો કોઈપણ ભાગ કાપી નાંખવામાં આવ્યો છે ? | | |
| શું બાળક લંગડાય છે અથવા તેને / તેણીને હાથ હલાવવામાં મુશ્કેલી છે ? | | |
| શું બાળક આંચકો લઈને ચાલે છે ? | | |
| શું બાળક ચાલવા માટે લાકડીનો ઉપયોગ કરે છે ? | | |
| શું બાળકમાં શારીરિક રીતે સંકલનનો અભાવ છે ? | | |
| શું બાળકને ધ્રુજારી આવે છે ? | | |

**નોંધ :** ઉપર લખેલાં વિધાનોમાંથી કોઈપણ એકનો જવાબ હકારાત્મક હોય તો બાળકની આકારણી શિબિરમાં કાળજીપૂર્વક તપાસ કરવી જોઈએ.

| મંદબુદ્ધિતા | હા | ના |
|---|---|---|
| શું બાળકે ૧૨-૧૫ માસની વયે બેસવાનું શરૂ કર્યું હતું ? | | |
| શું બાળકે ૨.૧/૨ (અઢી) વર્ષ પછી અથવા મોડેથી ચાલવાનું શરૂ કર્યું હતું ? | | |
| શું બાળકે ૨.૧/૨ (અઢી) વર્ષ પછી અથવા મોડેથી બોલવાનું શરૂ કર્યું હતું ? શું તેના સાંભળવાની તપાસ કરેલી છે ? જો તેમ હોય તો, શું તે સામાન્ય મર્યાદાઓમાં છે ? | | |
| શું બાળકને ૫ વર્ષની વય પહેલાં ગંભીર માંદગી આવી હતી ? | | |
| ૬ વર્ષની વયે શું બાળકને નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં કોઈ મુશ્કેલી છે :<br>સ્વતંત્ર રીતે જાજરૂની ક્રિયાઓ કરવી<br>સ્વતંત્ર રીતે ખાવું<br>સ્વતંત્ર રીતે કપડાં પહેરવાં. | | |
| શું બાળકને પેન્સિલ પકડવામાં અથવા કાતરથી કાપવામાં સમસ્યા છે ? | | |
| શું બાળક દડાથી અથવા તેના / તેણીના સમવયસ્કો સાથે ગુલ્લી દંડાથી રમવાને અશક્તિમાન છે ? | | |
| શું બાળક તેના/તેણીના સમવયસ્કો સાથે રમતી વખતે તેનો ચીડિયો સ્વભાવ દર્શાવે છે ? | | |
| શું બાળક હંમેશની રીતે તેને/તેણીને જે કંઈ કહેવાયું હોય તે તરફ બેધ્યાન રહે છે ? | | |
| શું બાળકને સરળ વસ્તુઓ યાદ કરાવવા અતિ વધુ ઘણી વખત પુનરાવર્તનો જરૂરી છે ? | | |

| | | |
|---|---|---|
| તેણીને સમજવા માટે શું વાર્તાને વધુ નાના ભાગોમાં વિભાજિત કરવી પડે છે ? | | |
| શું બાળકને ફળો, શાકભાજીઓ અને છોડવાઓનાં નામ કહેવામાં સમસ્યાઓ છે ? | | |
| શું બાળકને અઠવાડિયાના દિવસોનાં નામ કહેવામાં મુશ્કેલી છે ? | | |
| શું બાળક તેની / તેણીની જરૂરિયાતો સ્પષ્ટ ભાષામાં તેના બીજા સમવયસ્કોની જેમ વ્યક્ત કરવામાં સમસ્યાઓ પ્રદર્શિત કરે છે ? | | |
| શું બાળક કાર્યાંશો ઉપર ટૂંકા સમયગાળા માટે પણ ધ્યાન એકાગ્ર કરવાને અશક્તિમાન છે ? | | |
| શું બાળકના મૌખિક પ્રતિભાવ હંમેશની રીતે યથાયોગ્ય ન હોય તેવા છે ? | | |

**નોંધ :** જો ઉપરના કોઈપણ ચાર નિર્દેશકોના પ્રતિભાવ હકારાત્મક હોય તો ત્યાર પછી બાળકની યોગ્ય રીતે આકારણી થવી જોઈએ.

| **શીખવાની અસમર્થતાઓ** | **હા** | **ના** |
|---|---|---|
| શું બાળક એટલું વિનાશક રીતે બેચેન છે કે તે / તેણી કાર્યાંશને તે / તેણીની વયના સમવયસ્કોના જેટલા જ એકસરખા સમયમાં પૂરો કરવાને અશક્તિમાન છે ? | | |
| શું બાળક ઘરમાં / શાળામાં ચાલી રહેલી સંદર્ભ વગરની પ્રવૃત્તિઓથી સહેલાઈથી બેધ્યાન થાય છે ? | | |
| શું બાળક વાંચતી વખતે તેના / તેણીના વયના સમવયસ્કોની તુલનામાં અક્ષરો અથવા પ્રતીકસંજ્ઞાઓને અતિ વધુ વારંવાર રીતે ઊલટસૂલટ કરે છે ('બી'ને 'ડી' તરીકે, 'એસએડબલ્યુ'ને 'ડબલ્યુએએસ' તરીકે) ? | | |
| શું બાળક વાંચતી વખતે અતિ વધુ વારંવાર રીતે જગા ગુમાવે છે અથવા શબ્દો પુનરાવર્તન કરે છે / અંદર ઉમેરે છે / અવેજીકરણ કરે છે / છોડી દે છે ? | | |
| શું બાળક વાંચતી વખતે અથવા લખતી વખતે અંકસંખ્યાઓને અતિ વધુ વારંવાર રીતે ઊલટસૂલટ કરે છે (દા.ત. ૩૧ને ૧૩ તરીકે, ૨ને ૬ તરીકે) ? | | |
| શું બાળક ગણતરીઓ કરવામાં અતિ વધુ પ્રમાણમાં નબળું છે ? | | |
| શું બાળકને તેની સામાન્ય દૃષ્ટિ હોવા છતાં બીજા સ્રોતોમાંથી (ચોપડીમાંથી, વર્ગમાંના કાળા પાટિયા ઉપરથી) નકલ કરવામાં મુશ્કેલી નડે છે ? | | |
| શું બાળક અક્ષરો અથવા શબ્દો અતિ વધુ નજદીક અથવા અતિ વધુ દૂર લખે છે (જગા રાખવાની સમસ્યાઓ અનુભવે છે) ? | | |
| શું બાળક જે કંઈ શીખવ્યું હોય તે સમજ્યું હોવાનું પરંતુ જ્યારે પ્રશ્ન પૂછવામાં આવે ત્યારે જવાબ આપવાની ક્ષમતા નહીં હોવાનું લાગે છે ? | | |

**નોંધ :** જો ઉપરનામાંથી કોઈપણ ૩-૫ વિધાનોના જવાબ હકારાત્મક હોય તો તાલીમ પામેલા શિક્ષકે બાળક તરફ વિશેષ ધ્યાન પૂરું પાડવું જોઈએ.

## ★ વિકલાંગ બાળકોના વર્ગખંડનું સંચાલન :

સામાન્ય શિક્ષણ વર્ગખંડમાં જુદીજુદી જરૂરિયાતો હોય તેવાં બાળકોનો સમાવેશ થતો હોવાથી શિક્ષકો તરીકે તમારે દરેક બાળક અનન્ય હોવાનું મૂલ્ય સમજવું જોઈએ. ઉપઘટકનો આ ભાગ તમને વિવિધ પ્રકારની વિશેષ જરૂરિયાતો / વિકલાંગતાઓ હોય તેવાં બાળકોને શીખવવા માટેની કેટલીક સરળ માર્ગદર્શક રૂપરેખાઓ પૂરી પાડશે.

## ★ દૃષ્ટિની સમસ્યાઓ હોય તેવાં બાળકોને શીખવવું :

- તમે કાળા પાટિયા ઉપર જે કંઈ લખતા હો તે મૌખિક રીતે બોલો. જ્યારે પાઠ્યપુસ્તકમાંથી શીખવો ત્યારે ચોપડીમાંથી વાંચો અથવા વિદ્યાર્થીઓમાંથી કોઈ એકને ચોપડી વાંચવાને કહો.
- વર્ગમાં નવી સંકલ્પનાનો પરિચય કરાવતી વખતે વિપુલ પ્રમાણમાં બોલેલી સૂચનાઓ આપો.
- નક્કર અનુભવોનો ઉપયોગ કરો. એવી તકો પૂરી પાડો જેમાં વિદ્યાર્થીઓ શબ્દોને સ્પર્શસંવેદનીય / સ્પર્શના અનુભવ સાથે જોડી શકે.
- પ્રવૃત્તિઓનું આયોજન કરો જ્યાં બાળકો પ્રવૃત્તિ કરીને શીખી શકે. નજદીકમાં આવેલી ટપાલ કચેરીની મુલાકાત તેનું વર્ણન કરવા કરતાં વધુ લાભદાયી હશે.
- દૃષ્ટિક્ષતિ પામેલાં અને સામાન્ય બાળકો માટે શીખવાનું આનંદપૂર્ણ બનાવો.
- જ્યારે તમે બાળકને કહેતા હો ત્યારે હંમેશાં તેનું/તેણીનું નામ બોલો, કારણ કે બાળક તમે તેના / તેણીના તરફ જોઈ રહ્યા છો તે જાણી શકતું ન હોય.
- શાળામાં જો કોઈ પગથિયાં મોજૂદ હોય તો આ બાળકોને તેમની હાજરી વિશે સભાન બનાવો.
- બીજાં બાળકોને દૃષ્ટિક્ષતિ પામેલા બાળક સાથે સામાજિક રીતે આંતરક્રિયાઓ (અરસપરસ વાતચીત અને વ્યવહાર) કરવાને સમજાવો.
- બીજાં બાળકોને દૃષ્ટિક્ષતિ પામેલ બાળકનો મિત્ર તરીકે સ્વીકાર કરવાને સમજાવો. દૃષ્ટિક્ષતિ પામેલ બાળકને જેટલી શક્ય હોય તેટલી ઘણી શારીરિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાને સમજાવો.
- વર્ગમિત્રોને દૃષ્ટિક્ષતિ પામેલ બાળક માટે કાર્ય અને અન્ય એવી સામગ્રી સુગ્રથિત કરવામાં મદદ કરવાને કહો.
- દૃષ્ટિ હોય તેવાં બાળકોને દૃષ્ટિક્ષતિ પામેલ બાળકને હલકું પાડનારા/નીચા દેખાડનારાં વિધાન નહીં કરવાને સમજાવો.

## ★ અલ્પદૃષ્ટિ બાળકોને શીખવવું :

- જો શક્ય હોય તો, બાળકને આજુબાજુ લઈ જાઓ અને તેને / તેણીને વસ્તુઓને સ્પર્શ કરવા દઈને આસપાસના માહોલથી તેને / તેણીને વાકેફ કરો.
- જો બાળક અલ્પદૃષ્ટિ હોય તો તેને / તેણીને કાળા પાટિયાની સામે તદ્દન નજદીકમાં બેસાડો અને જો શક્ય હોય તો બારીની તદ્દન પાસે, જેથી જે થોડીક દૃષ્ટિ પણ તેઓની હોય તો તેનો કાળું પાટિયું વાંચવામાં શ્રેષ્ઠ ઉપયોગ કરી શકાય છે.
- અલ્પદૃષ્ટિ બાળકને લખવા માટે ઊનની અથવા બરૂની પેન આપો.
- હંમેશાં ગાઢી કાળી નિશાની કરતી પેનનો અથવા કદ વિસ્તારેલા અને પ્રકાશચિત્રથી નકલ કરેલાં કાર્યપત્રકોનો તેઓને વાંચવા વધુ સહેલાં બનાવવાને ઉપયોગ કરો.
- અલ્પદૃષ્ટિ હોય તેવાં કેટલાંક બાળકો પ્રકાશ પ્રત્યે સંવેદનશીલ હોય છે. તેઓને પ્રત્યક્ષ પ્રકાશનો અનુભવ થાય તેવો અવકાશ નહીં આપવો જોઈએ.

- છપાઈનું કદ એ બીજું મહત્ત્વનું પરિબળ છે. હંમેશ મુજબ લખેલી સામગ્રી જેટલી વધુ મોટી હોય તેટલી તે વધુ સારી છે. બાળકોએ વાંચી શકવા માટે સામગ્રી પૂરતી મોટી અને સ્પષ્ટ લખેલી હોવી જોઈએ.
- રંગ એ એક બીજી ધ્યાનમાં લેવાની બાબત છે. અલ્પદૃષ્ટિ બાળક માટે જે રંગોને સહેલાઈથી જુદાં પાડી ન શકાય તેમનો ઉપયોગ કરવાથી અથવી પેન્સિલથી નાનાં લખાણનો ઉપયોગ કરવાથી સમસ્યાઓ ઊભી થઈ શકે છે.
- જે રંગોને જુદા પાડી શકાતા હોય તેમનો જ ઉપયોગ કરવો જોઈએ એ વાત યાદ રાખીને રંગીન શીખવવા - શીખવાની સામગ્રીનો ઉપયોગ કરો.

### ★ શ્રવણની સમસ્યાઓ હોય તેવાં બાળકોને શીખવવું :

- ખાતરી કરો કે બાળક તમારા હોઠ તરફ સારા પ્રમાણમાં નજર રાખે છે.
- તમે જ્યારે બોલતા હો ત્યારે બાળકને તમારો ચહેરો આરામદાયક રીતે સહજતાથી જોવા દો.
- તેને / તેણીને એવી જગાએ બેસાડો જ્યાંથી તે / તેણી કાળું પાટિયું ઘણું સ્પષ્ટ રીતે જોઈ શકે.
- બોલતી વખતે અથવા વાંચતી વખતે કૃપા કરીને તમારો ચહેરો તમારા હાથ વડે ઢાંકશો નહીં અથવા પીઠ ફેરવશો નહીં.
- બારી તરફ પીઠ રહે એ રીતે વર્ગને સંબોધશો નહીં. બહારનો પ્રકાશ તમારા હોઠ ઉપર પડછાયો સર્જે છે.
- બાળકની સામે અને ધીમે ધીમે હળવી અને સ્પષ્ટ રીતે બોલો.
- તેને / તેણીને કદી પણ કોઈ વસ્તુ તેની / તેણીની પીઠ પાછળથી ન કહો.
- સરળ અને સ્પષ્ટ રીતે ઉચ્ચારેલા શબ્દોમાં બોલો.
- તમારા શબ્દોને તમે જે કહો છો અને જે વસ્તુઓનો તમે ઉલ્લેખ કરી રહ્યા છો તેમના વચ્ચે સાથ-સંબંધ બાંધવાનો પ્રયત્ન કરવા દો.
- બાળકને અટકાવશો નહીં. જો તે / તેણી પોતાને વ્યક્ત કરવા માટે તેના / તેણીના પોતાના હાવભાવ અને અંગચેષ્ટાઓનો ઉપયોગ કરે.
- સંજ્ઞા ભાષાનો ઉપયોગ એ શ્રવણક્ષતિ થયેલ બાળક સાથે માહિતીસંચાર કરવાની એક બીજી રીત/ઢબ છે.
- તેને / તેણીને જેટલું શક્ય હોય તેટલું તમારી નજદીક બેસાડો પરંતુ રમતગમતના મેદાનથી દૂર અથવા પંખાથી દૂર. વધારાનો ઘોંઘાટ બેધ્યાન કરાવી શકે છે.
- મૌખિક બોલેલી વિગતોનું પુનરાવર્તન કરો.
- બાળક તરફ બોલતી વખતે તમારો ચહેરો કૃપા કરીને વધુ પડતી રીતે ફેરવશો નહીં.
- જ્યારે વર્ગ તરફ મોટેથી વાંચતા હો ત્યારે તમારો ચહેરો ચોપડી વડે ઢાંકશો નહીં.
- તેને / તેણીને શ્રવણ સહાયક સાધનનો હંમેશાં ઉપયોગ કરવાને ઉત્તેજન આપો.
- તેને / તેણીને સરળ શબ્દભંડોળ અને વ્યાકરણના સરળ નિયમો શીખવો.
- સરળ શબ્દો અને સરળ વાક્યોનો ઉપયોગ કરો.
- બાળકને વાંચવા માટે સરળ / સાદાં વાક્યો આપો.
- નવા શબ્દોનો તમે ઉચ્ચાર કરો તે પહેલાં કાળા પાટિયા ઉપર લખવાનું યાદ રાખો.
- જ્યારે કાળા પાટિયા તરફ મોઢું હોય ત્યારે કશું બોલવું નહીં તેની કાળજી લો.
- બાળક દરેક વસ્તુ સમજ્યું છે તેની ખાતરી કરવા શ્રવણક્ષતિ પામેલ વિદ્યાર્થીઓને વધુ લેખિત કાર્ય સોંપવાનો પ્રયત્ન કરો.
- પ્રશ્નો પૂછીને બાળકને પ્રશ્નો પૂછવા ઉત્તેજન આપો.

- તેને / તેણીને માત્ર એક જ ભાષા શીખવો.
- ગણિતી સંકલ્પનાઓને નક્કર સ્વરૂપ આપવાનો પ્રયત્ન કરો. દાખલા તરીકે, જ્યારે સરવાળાની સંકલ્પના શીખવતા હો ત્યારે શ્રવણની સમસ્યાઓ હોય તેવા બાળકને સરવાળો કરતા પહેલાં અને પછી વસ્તુઓની સંખ્યા દર્શાવો.

## માતા-પિતાઓની ભૂમિકા

- *માતાપિતાઓની સૌથી વધુ મહત્ત્વની ભૂમિકા છે વિકલાંગ બાળકનો સ્વીકાર કરવાની.*
- *શીખવાના કાર્યને સહાય કરતું પર્યાવરણ સર્જો.*
- *બાળકની ક્ષતિના સ્વરૂપ અને પ્રમાણ મુજબ વિશિષ્ટ ટેકા સહાય સેવાઓ પૂરી પાડો.*
- *સમવયસ્કો અને ભાઈ-ભાંડુઓની ભાવાત્મક સ્વીકૃતિને પ્રોત્સાહન આપો.*
- *પડોશનાં અન્ય બાળકો સાથેની રમતની પ્રવૃત્તિઓમાં આંતરક્રિયાઓ કરવાને ઉત્તેજન આપવાની નવી રીતો / નવા રસ્તાઓ શોધો.*
- *બાળક પાસેથી વાસ્તવિક અપેક્ષાઓ રાખો.*
- *વિકલાંગ બાળક શાળાશિક્ષણમાંથી લાભ મેળવશે તેની ખાતરી આપવા માતાપિતા - શિક્ષકના સંયુક્ત પ્રયત્નની જરૂર છે.*
- *એ મહત્ત્વનું છે કે માતા-પિતાઓ બાળકને જેટલું શક્ય હોય તેટલું સ્વતંત્ર બનવા માટે મદદ કરે. આ બાળકોને પોતાને માટે સારું લગાડવામાં અને તેઓની સામાજિક કુશળતાઓ સુધારવામાં મદદ કરે છે.*
- *વિકલાંગ બાળકમાં આત્મસન્માનની લાગણીનું સંવર્ધન કરો.*
- *બાળકની કામગીરીની ગુણસ્થિતિની અન્ય ભાઈભાંડુઓની કામગીરીની ગુણસ્થિતિ સાથે તુલના કરશો નહીં.*
- *બધાં બાળકોમાં શક્તિઓ અને કૌશલ્યક્ષમતાઓ હોય છે એન આ શક્તિઓની નિશ્ચિત ઓળખ અને દૃઢ ઠસામણી કરવી જ પડશે.*
- *જે માતાપિતાઓ આશાનો સંચાર કરે છે તેઓ વિકલાંગ બાળકને તેની / તેણીની લઘુતાગ્રંથિ દૂર કરવામાં મદદ કરીને એક મોટું બળ પૂરું પાડે છે.*
- *માતાપિતાઓ વિકલાંગ બાળકને કુટુંબ પ્રત્યે જવાબદારીની લાગણી અને ફાળો આપવાની ભાવના વિકસાવવામાં મદદ કરી શકે છે.*
- *માતાપિતાઓ આ બાળક માટે પસંદગીઓ કરવાની અને નિર્ણયો લેવાની તકો પૂરી પાડી શકે છે અને શિસ્ત-પાલનમાં પ્રોત્સાહન આપી શકે છે.*
- *માતાપિતાઓ વિકલાંગ બાળકને ભૂલો અને નિષ્ફળતાઓ સાથે અસરકારક રીતે કામ પાર પાડવામાં મદદ કરી શકે છે.*
- *જો શક્ય હોય તો, માતાપિતાઓએ સમુદાયની અંદરના જ તાલીમ કાર્યક્રમોમાં હાજરી આપવી જોઈએ.*
- જ્યારે તમે વર્ગને નવી વસ્તુઓનો પરિચય કરાવો ત્યારે તેને (અથવા તે વસ્તુના ચિત્રને) તમારા ચહેરાની એક બાજુએ પકડો અને તેનું નામ કહો.
- તેને / તેણીને નામ કહેલી વસ્તુ દર્શાવીને શબ્દ અને વસ્તુ વચ્ચે તેમને જોડતો સંબંધ સ્થાપિત કરો. દા. ત., જો સફરજન વિશે બોલતા હો તો બાળકને સફરજન દર્શાવીને સંકલ્પનાનું ઉદાહરણ આપો.
- શ્રવણક્ષતિ પામેલ બાળકોને જ્યારે ઘોંઘાટ મોજૂદ હોય ત્યારે મૌખિક સૂચનાઓ સમજવામાં મુશ્કેલી

હોય છે. ફરસ ઉપર સૂકું ઘાસ પ્રસરાવીને અથવા દીવાલો સાથે શણના કોથળા લટકાવીને ઘોંઘાટને ઓછો કરી શકાય છે. તેઓ ઘોંઘાટને શોષી લેતા હોવાથી આ મદદરૂપ પુરવાર થાય છે.

- જેટલાં શક્ય હોય તેટલાં ઘણાં ઉદાહરણોનો ઉપયોગ કરો (નકશાઓ, પૃથ્વીના ગોળાઓ, ચમકતાં કાર્ડ, આલેખો).
- શબ્દભંડોળ અથવા સંકલ્પનાઓના દાખલા આપવા માટે સમવયસ્કોનો ઉપયોગ કરી શકાય છે.
- સંદર્ભ માટે ઉદાહરણાર્થ કાર્ડનો ઉપયોગ કરી શકાય છે. આ વિરોધી અર્થના શબ્દો, સમાનાર્થી શબ્દો અને અનેક અર્થ હોય તેવા શબ્દો સમજવામાં મદદરૂપ છે.
- જ્યાં સુધી બાળક તેને પોતાને / તેણીને પોતાને વ્યક્ત કરે ત્યાં સુધી રાહ જુઓ.
- જો તમને બાળકના કાનમાંથી કોઈક પ્રકારનું પ્રવાહી નીકળતું હોવાનું જણાય તો બાળકને તબીબ પાસે મોકલો અથવા સૌથી વધુ નજદીકના પ્રાથમિક આરોગ્યકેન્દ્રમાં મોકલો.
- બીજાં બાળકોને બાળક સાથે મિત્ર તરીકે રહેવા માટે સમજાવો.
- સમવયસ્કોને બાળકની પીઠ પાછળ કશું નહીં બોલવાને સમજાવો.
- બીજાં બાળકોને બાળકને તેઓના મિત્ર તરીકે પસંદ કરવાને સમજાવો.
- બાળકને વિવિધ રમતગમતોમાં, નાટક, પ્રાર્થના અને સંગીતમાં ભાગ લેવાને સમજાવો.

### ★ શ્રવણ સહાયક સાધનોનો ઉપયોગ અને જાળવણી :

શ્રવણની ગંભીર ક્ષતિ હોય તેવું દરેક બાળક શ્રવણ સહાયક સાધનથી લાભ મેળવી શકતું નથી. જ્યારે મગજ સુધી ધ્વનિનું વહન કરતા જ્ઞાનતંતુઓને ક્ષતિ થાય છે ત્યારે શ્રવણ સહાયક સાધન અસરકારક રીતે કામ આપી ન પણ શકે. શ્રવણ સહાયક સાધન ધ્વનિઓને ઊંચકી લે છે અને તેઓને વધુ મોટો બનાવે છે, પરંતુ આવશ્યક રીતે વધુ સ્પષ્ટ બનાવતો નથી.

શ્રવણની ક્ષતિ હોય તેવા બાળકને શ્રાવણ સહાયક સાધનના ઉપયોગથી મદદ કરી શકાય છે. શરૂઆતમાં સાધન ટૂંકા સમય માટે પહેરવું જોઈએ. આ સમય ક્રમવાર રીતે બાળક જ્યાં સુધી આખા દિવસ માટે રાખે નહીં ત્યાં સુધી વધારવો જોઈએ. તેના સ્નાન કરવાના સમય દરમિયાન સિવાય અને સૂવાના સમય દરમિયાન સિવાય. શ્રવણ સહાયક સાધન સંવેદનશીલ, નાજુક અને ખર્ચાળ ઉપકરણ છે, જે કાળજીપૂર્વકની સંભાળ માંગી લે છે. આ બાળક માટે ઈષ્ટતમ સાંભળવાની સ્થિતિઓના વધુ લાંબા કલાકોની ખાતરી આપશે.

શિક્ષકો અથવા વર્ગખંડમાંનાં અન્ય બાળકો પણ થોડાંક જાળવણીના કાર્યવિધિઓનું તદ્દન સહેલાઈથી પાલન કરી શકે છે. આ કાર્યવિધિઓ છે :

- જુઓ કે ધ્વનિપ્રમાણની કળ ચાલુ છે.
- જો કોઈ ધ્વનિ ન હોય તો બૅટરી બદલતાં પહેલાં ચાલુ-બંધ કળને તપાસી લો.
- જો બાળકને શ્રવણ સહાયક સાધનનો ઉપયોગ કરવામાં મુશ્કેલી હોય તો તે ખોટા કાનના બીબાંને કારણે હોઈ શકે છે. વ્યક્તિની જરૂરિયાત પ્રમાણેનું કાનનું બીબું બનાવવા માટે તેને / તેણીને યોગ્ય દવાખાનામાં મોકલો.
- શ્રવણ સહાયક સાધનની બૅટરી લગભગ ઘણી વખત ઊતરી જાય છે. જો બાળક કોઈ એક ખાસ દિવસે શ્રવણ સહાયક સાધન હોવા છતાં સાંભળી શકતું ન હોય તો બૅટરીઓની તપાસ કરી લેવી જોઈએ અને જો આવશ્યક હોય તો બદલી નાંખવી જોઈએ.

શિક્ષકે યંત્ર ચાલુ છે કે કેમ તેની પણ તપાસ કરવી જોઈએ, બીજાં બાળકોને સહાયક સાધનના

ઉપયોગ વિશે અને કાનમાંથી વાયર અથવા સહાયક સાધનને ખેંચી નહીં કાઢવાની જરૂરિયાત વિશે સમજૂતી આપવી જોઈએ.

**★ સ્થળાંતરણીય ક્ષતિ હોય તેવાં બાળકોને શીખવવું :**

સામાન્ય રીતે કહેવું હોય તો, સ્થળાંતરણીય ક્ષતિ હોય તેવા બાળકની વિશેષ શૈક્ષણિક જરૂરિયાતો હોય નહીં, પરંતુ તેને / તેણીને બાકી બચેલી કામગીરીઓના ઉપયોગમાં કેટલીક તાલીમની જરૂર પડી શકે છે અને જો પહોંચમાં લાવવામાં આવે તો તે / તેણી શાળાએ જઈ શકે છે. સ્થળાંતરણીય ક્ષતિ હોય તેવાં બાળકોને હંમેશની રીતે કેટલાંક પાયાનાં યંત્રસાધનો જે તેઓ માટે પહોંચવાનું સહેલું અને વધુ સારું બનાવે છે તેમની જરૂર પડે છે. આ સાધનો અને ઉપકરણો પૈકીનાં કેટલાંક નીચે મુજબનાં છે :

- **બગલઘોડીઓ :** જેઓના પગ અશક્ત હોય તેઓ આનો ઉપયોગ કરે છે. આ બાળકોને ચાલતી વખતે ટેકો આપવા માટે તેઓને બગલ નીચે મૂકવામાં આવે છે.
- **પોંચીબંધન :** આ એક ધાતુની અથવા પ્લાસ્ટિકની પટ્ટી છે જે નબળા સ્નાયુઓને ટેકો આપે છે.
- **ચામડાના કમરપટા સાથેના જોડા :** આ એક પગરખાં સાથે ટેકાસહાય આપતી પ્રણાલી છે. તે અશક્ત પગને ટેકો પૂરો પાડે છે.
- **વિશેષ જોડા :** જ્યારે પગના આકાર બગડે ત્યારે તેમનો ઉપયોગ થાય છે. આનો જ્યારે પગ જુદા જુદા કદના હોય ત્યારે પણ ઉપયોગ થાય છે. તેઓને વિશેષ તળિયાનું પડ લગાડીને વધુ ટૂંકા કદના પગને સરખા બનાવી શકાય છે.
- **કૃત્રિમ અવયવો :** જ્યારે શરીરનો કોઈ ભાગ કાપી નાંખવામાં આવે ત્યારે તેમનો ઉપયોગ થાય છે. આમાં બંને પગ, બાવડાં, હાથ ઈ.નો સમાવેશ થાય છે.
- **ચીપો / ભાંગેલા હાડકાંના ટુકડા :** આ એક યંત્રસાધન છે, જે નબળા પડી ગયેલા સ્નાયુઓને ટેકો આપે છે.
- **પૈડાંવાળી / ફરતી ખુરશી :** જે બાળકોના વધુ નીચેના અવયવો લકવાગ્રસ્ત હોય તેઓ આનો ઉપયોગ કરે છે.

**શીખવવાની વ્યૂહરચનાઓ :** સ્થળાંતરણીય વિકલાંગ બાળકો સાથે કાર્ય કરતી વખતે યાદ રાખવાનું સૌથી વધુ મહત્ત્વનું પરિબળ એ છે કે આવાં બાળકોને ચાલવાની અથવા બેસવાની જેવી પણ સાદી શરીરની હલનચલન ગતિ દરમિયાન તેઓના સ્નાયુઓ ઉપર અસામાન્ય તાણને કારણે ઘણી વખત ઘણી વધુ ઊંચી દુખાવાની સપાટીઓ હોય છે. પરંતુ, આ પહેલાં ઉલ્લેખ કર્યા મુજબ સ્થળાંતરણીય વિકલાંગ બાળકને વિશેષ શૈક્ષણિક તકનિકોની જરૂર પડતી નથી અને નીચેની બાબતો કદાચ લાભદાયી પુરવાર થઈ શકે છે :

- સર્વ જે કંઈ જરૂરનું છે તે એ કે બાંધકામને લગતાં અવરોધકો દૂર કરવા અને ખાતરી આપવી કે બાળકની આરામદાયક બેઠક છે.
- જો તે / તેણી પૈડાંવાળી / ફરતી ખુરશીનો ઉપયોગ કરતું હોય તો વર્ગખંડનો દરવાજો પૂરતા પ્રમાણમાં પહોળો હોવો જોઈએ, જેથી બાળકને કોઈપણ પ્રકારની અગવડ અનુભવ્યા વગર તેમાં પ્રવેશ કરવાનું શક્ય બને. આ કાળા પાટિયા સુધી પહોંચવાને પણ લાગુ પડે છે. બધી જ સામગ્રીઓ બાળકની સહેલી પહોંચની અંદર જ હોવી જોઈએ.
- જો શક્ય હોય તો વર્ગખંડ ભોંયતળિયાના માળે જ ગોઠવી શકાય છે.
- પૈડાંવાળી ખુરશીનો ઉપયોગ કરતાં બાળકો માટે શાળાઓમાં ઢાળ કે વળાંક બાંધવા જોઈએ. સ્થાનિક રીતે પ્રાપ્ય સામગ્રીનો ઉપયોગ કરીને સાદા ઢાળ અને વળાંક બનાવી શકાય છે.

- જો શક્ય હોય તો આવાં બાળકોને વર્ગખંડની એક બાજુએ બેસાડી શકાશે, જેથી તેઓને એક આડી રેખા ઉપર હેરફેર કરવા માટેની જગા મળી શકે.
- જો બાળકના હાથને હાનિકારક અસર થયેલી હોય તો તમારે તેને / તેણીને જાડી પેન આપવી પડશે અથવા લહિયો પૂરો પાડવો પડશે. (અર્થાત્ આ ખાસ બાળક માટે કોઈક બીજું બાળક નોંધ લઈ શકે છે.) આ પરીક્ષા સમયે જરૂરનું હોઈ શકે છે. અર્થાત્, જો હાથ, બાવડું, ખભો થવા સાંધાઓને હાનિ કરતી અસર થઈ હોય તો વિશેષ લખવાની સામગ્રીની જરૂર પડી શકે છે.
- શિક્ષક તરીકે તમારે કદર કરવી જ જોઈશે કે આવા વિદ્યાર્થીઓ વારંવાર હરફર કર્યા કરે છે અને ઘણુંબધું ઈયળની જેમ વાંકુંચૂંકું ચાલે છે. આ વર્ગને અશાંત કરવા માટે નહીં પરંતુ અપૂરતી સ્નાયુઓની શક્તિ હોવાની હકીકતને કારણે હોય છે. આ રીતે, શિક્ષકોએ બાળક સાથે ધીરજ રાખવી જોઈએ.
- કોઈ મિત્ર અથવા સમવયસ્કની વિદ્યાર્થીના ઢાળિયા સુધી સામગ્રી લઈ જવા અથવા લાવવા માટે નિમણૂક કરી શકશે.
- બાળકને તેની / તેણીની કાર્યસોંપણી પૂરી કરવા માટે વધુ સમયની છૂટ આપો.
- જે બાળકના હાથને હાનિકારક અસર થઈ હોય તેને ઓછું ગૃહકાર્ય આપો.
- જો એક હાથને અસર થઈ હોય તો, બાળકને બીજાથી લખવાને શીખવો.
- તેના / તેણીના વર્ગમિત્રને કોઈ શક્ય ઈજા થતી અટકાવવા માટે તેને / તેણીને ધક્કો નહીં મારવાને સમજાવો. ઉદાહરણ તરીકે, ઢોળાવ અથવા વળાંક ઉપર પૈડાંવાળી ખુરશીને અતિ વધુ ગતિથી નીચેની દિશામાં ધક્કો મારશો નહીં.
- વર્ગખંડ સંચાલનમાં સમવયસ્કો વચ્ચે આંતરક્રિયાઓ એક ઘણું શક્તિશાળી ઓજાર છે. તેથી, શિક્ષકે વિશેષ જરૂરિયાતો હોય તેવાં બાળકોની નોંધ લેવી અથવા બાળકને પરીક્ષા માટે તૈયાર કરવું જેવી પ્રવૃત્તિઓમાં મદદ કરવામાં બીજા બાળકોને સામેલ કરવાં જોઈએ.
- બીજાં બાળકોને બાળકના મોંના ચાળા નહીં પાડવા સમજાવો, જો તે / તેણી તદ્દન જુદી રીતે ચાલતું હોય.
- બાળકને શાળામાં લાવવા માટે ગ્રામ શિક્ષણ સમિતિ / શાળા સંચાલન સમિતિ / માતાપિતા - શિક્ષક મંડળ / માતા - શિક્ષક મંડળ ગોઠવણ કરી શકે છે, જો તે / તેણી પોતાની રીતે આવી શકતું ન હોય તો.

### ★ સામાન્ય વર્ગખંડમાં મંદબુદ્ધિ બાળકોને શીખવવું :

**મંદબુદ્ધિ બાળકનાં માતાપિતાએ ચાર પાયાની વસ્તુઓ ધ્યાનમાં રાખવી જરૂરી છે. તેઓ છે :**

- પૂરતું પુનરાવર્તન.
- બધા સંજોગોમાં નક્કર રજૂઆતો.
- કાર્યાંશ વિશ્લેષણ અર્થાત્ દરેક કાર્યાંશનું વધુ નાના ભાગોમાં વિઘટન કરવું.
- બાળક જે સમજતું હોય તે ભાષાનો ઉપયોગ કરવો.

શૈક્ષણિક રીતે મંદબુદ્ધિ બાળકને હંમેશ મુજબ વિશેષ સહાયક સાધનો અને ઉપકરણોની જરૂર પડતી નથી, પરંતુ તેઓને સંકલ્પનાઓને નક્કર સ્વરૂપમાં જોવાની જરૂર હોવાથી દૃષ્ટિય સહાયક સાધનોનો ઉપયોગ મદદરૂપ થઈ શકે છે. આમાં સામગ્રીઓ જેવી કે સંદર્ભ માટેની રેખાકૃતિઓ, કોઠાઓ, આલેખો, નકશાઓ, રંગ પૂરેલી રેખાકૃતિઓ, રંગીન ચાક, પાટીઓ, શબ્દકોશ, ચિત્રાત્મક શબ્દકોશ, કાર્યનોંધવહીઓ / કાર્યપત્રકો, સમાચાર પત્રો, લાકડાના ચોરસ ટુકડાઓ, અક્ષરોના / અંકસંખ્યાઓના / નકશીઓના પ્રતિરૂપ નમૂનાઓ, ચિત્ર મઢેલાં પાટિયાંઓ અને પૃથ્વીના ગોળાઓનો સમાવેશ થાય છે. બાળકને સંકલ્પનાઓ સમજવામાં ચિત્રો અને ઉદાહરણોનો ઉપયોગ મદદ કરી શકશે.

શિક્ષકે આ બાળકોને શીખવતી વખતે કેટલીક ટૂંકી સૂચનાઓ ધ્યાનમાં રાખવી જ પડશે. તે આ છે :

- ચિત્રો, દોરેલાં ચિત્રો, જેવાં નક્કર રીત સ્વરૂપમાં બાળક સમક્ષ દરેક વસ્તુ રજૂ કરો.
- નવા શબ્દભંડોળની સંકલ્પનાઓ સમજાવવા ચિત્રાત્મક ઉદાહરણોનો ઉપયોગ કરો.
- બાળકના શબ્દભંડોળમાંના શબ્દોનો ઉપયોગ કરો.
- બાળકની વિકાસલક્ષી સપાટી સાથે મેળવણી કરતી સામગ્રીનો ઉપયોગ કરો.
- કાર્યાંશોને નાનાં નાનાં પગલાંઓમાં રજૂ કરો.
- શરૂઆત કરવાને, સંકલ્પનાનાં થોડાંક મૂળતત્ત્વોનો પરિચય કરાવો.
- વારંવાર પુનરાવર્તન કરો. સમવયસ્ક / મિત્ર પણ સૂચનાઓનું પુનરાવર્તન કરી શકે છે.
- મહત્ત્વનાં પગલાંઓની રૂપરેખા પૂરી પાડો.
- બાળકને તદ્દન નક્કર અનુભવો કરાવો. આમાં બાળકને ક્ષેત્રની મુલાકાતે લઈ જવું. સામાજિક પરિસ્થિતિઓમાં ભૂમિકા ભજવણી યોજવી ઇત્યાદિનો સમાવેશ થાય છે. દા.ત., જ્યારે બાળકને ૩ + ૩ શીખવો, ત્યારે એ વધુ સારું હશે. જો શિક્ષક કહે કે એક ટોપલીમાં ૩ સફરજન છે અને બીજી એકમાં પણ છે, તો કુલ કેટલાં સફરજન છે.
- આનંદપૂર્વક શીખવાના સિદ્ધાંતોનો ઉપયોગ કરો જેવાં કે રમત-રીત પદ્ધતિ.
- બાળકને એવું કામ આપો જે આંખ-હાથ સંકલન વિકસાવે (ઉદાહરણ તરીકે, કાતરથી કાપવું).
- સહેલા - કાર્યાંશ પહેલાં શીખવો અને ત્યાર પછી મુશ્કેલ કાર્યાંશ તરફ જાઓ.
- મધ્યમસરના ધીમા કાર્યાંશોથી શરૂઆત કરો.
- વિગતો જાળવવાની અને ફરીથી યાદ કરવાની કુશળતાઓ (સ્મરણશક્તિની કુશળતાઓ) વિકસાવવા બાળકને અભ્યાસપાઠ આપો.
- ચિત્રોની અંકસંખ્યાઓ અને શબ્દો સાથે મેળવણી કરવા જેવી પ્રવૃત્તિઓ બાળકને આપો.
- બાળકને વસ્તુઓ યોગ્ય અનુક્રમમાં કરે તેની તાલીમ આપો. આ ગુણદોષશોધક વિચારક્રિયા અને સમસ્યા ઉકેલની કુશળતાઓમાં વૃદ્ધિ કરે છે. દા.ત., તમે બાળકને અર્થપૂર્ણ વાર્તા બતાવો. (જેમ કે, ચતુર કાગડાની વાર્તા) તથા કાર્ડ ખોટી ક્રમ ગોઠવણીમાં પૂરાં પાડી શકો છો. ત્યાર પછી બાળકને વાર્તા વિકસાવવા કાર્ડને તર્કબદ્ધ અનુક્રમમાં ગોઠવવા કહી શકાય છે.
- શિક્ષકે બનાવેલાં સહાયક સાધનોની મદદથી બાળકની એકાગ્રતા વિકસાવવા તેને / તેણીને તાલીમ આપો.
- વિદ્યાર્થીઓના જૂથ સાથે કામ કરવા માટે માળખું એ ચાવીરૂપ શબ્દ છે.
- દૈનિક સમયસૂચિ ઓચિંતી બદલાવશે નહીં અથવા વિદ્યાર્થીઓને બદલાવ માટે તૈયાર કર્યા વગર ફર્નિચર ફેરવશો નહીં.
- દૈનિક સમયસૂચિઓ લખેલી અને નોંધવહી, ઢાળિયું અથવા વિદ્યાર્થીના ઢાળિયાની એક બાજુએ લટકાવેલા ક્લીપવાળા પાટિયા સાથે જોડેલી હોય છે તે બાળકે શું કરવાનું છે અને ક્યારે કરવાનું છે તેની મદદરૂપ યાદ કરાવનારી છે.
- વાસ્તવિક જીવન સાથે સંદર્ભોચિત હોય તેવી કાર્યસોંપણીઓ કરો. દા. ત., બાળકને નાણાંની સંકલ્પના જ્યારે શીખવો ત્યારે સાચી ગૃહજીવનની પરિસ્થિતિઓમાંથી ઘણાં ઉદાહરણો કહી શકાય છે. ઉદાહરણ આપવું હોય તો, શિક્ષક બાળકને પૂછી શકે છે કે જો તું ૩ સફરજન ખરીદવા બજારમાં જાય અને દરેક સફરજનની પડતર કિંમત રૂપિયો એક હોય તો ૩ સફરજનની પડતર કિંમત કેટલી હશે ? જો તું દુકાનદારને

રૂપિયા દશ આપે તો તને કેટલા રૂપિયા પાછા મળશે ? તેમાં પણ સફરજનોનું ચિત્ર દર્શાવવું અને બાળક માટે શીખવાનું વધુ સહેલું બનાવવા ત્રણ સફરજનોને ભેગાં મૂકવાં વધુ સારું રહેશે.

- બાળકોને શીખવામાં મદદ કરવા સમવયસ્કોને સમજાવો.
- આ વિશિષ્ટ બાળક સાથે રમવા માટે સમવયસ્કોને સમજાવો.
- બાળક સારો તેને ઉતારી પાડતાં વિધાનો નહીં કરવા સમવયસ્કોને સમજાવો.

**★ શીખવાની અસમર્થતાઓ હોય તેવાં બાળકોને શીખવવું :**

- દર્શાવો, નિદર્શન કરો અને આદર્શ પ્રતિરૂપ નમૂનો પૂરો પાડો.
- બહુવિધ સંવેદનતંત્રીય શીખવાની પ્રણાલીનો ઉપયોગ કરો.
- બેધ્યાન કરતા માહોલને ટાળો, કારણ કે આ બાળકોનું ધ્યાન ભટકવાનું વલણ ધરાવે છે.
- માહિતીનું વધુ નાના એકમોમાં વિઘટન કરો.
- વિદ્યાર્થીઓએ હાંસલ કરવાના આવશ્યક ઉદ્દેશોનું કાર્યાંશ વિશ્લેષણ કેવી રીતે કરવું તે અંતિમ લક્ષ્ય હાંસલ કરવા તરફ દોરી જતાં છૂટાછવાયાં ક્યારેક જ થતાં વર્તનો અથવા કુશળતાઓની વ્યાખ્યા કરીને શીખવો, અને સફળતાની ખાતરી આપવા વિદ્યાર્થીઓને ક્રમવાર લીધેલાં પગલાં મારફતે દોરવણી આપો.
- તે બાળકોને કાર્યાંશ વિશે કામ કરવાને વિપુલ સમય આપો, કારણ કે તેઓમાં સમયનું સંચાલન કરવાની કુશળતાઓ નબળી હોય છે.
- આ બાળકોએ કાર્યાંશ કરવામાં નિપુણતા મેળવી શકે તે પહેલાં તે ઘણી વખત કરવાની જરૂર છે.
- વધુ નવા કાર્યાંશોનો મહાવરો શરૂઆતમાં સમયના વધુ ટૂંકા ગાળાઓથી કરવો જોઈએ.
- સમવયસ્કોએ ઉપશિક્ષણ આપવાની પદ્ધતિ અને સહકારી શીખવાની પ્રણાલીનો ઉપયોગ કરો. સમવયસ્કોએ ઉપશિક્ષણ આપવામાં શીખવાની અસમર્થતા હોય તેવા બાળકને પણ ઉપશિક્ષક બનવાની છૂટ આપો.
- વિકાસલક્ષી રીતે યથાયોગ્ય અભિગમનો ઉપયોગ કરો. આનો અર્થ છે શિક્ષકે શીખવતી વખતે બાળક જે સ્તરની કામગીરી કરતું હોય તેને ધ્યાનમાં રાખવું જોઈએ.
- માહિતીને જેટલી શક્ય હોય તેટલી નક્કર બનાવો.
- નાનાં જૂથ બનાવીને પાઠસૂચનાઓ પૂરી પાડો.
- વિદ્યાર્થી સમક્ષ કસોટી માટેની સામગ્રીઓ વાંચો.
- બાળક કેવી રીતે શ્રેષ્ઠ શીખે છે તે શોધી કાઢો અને આ શીખવાની વાહિનીનો ઉપયોગ કરો.
- સતત સફળતા માટેની તક પૂરી પાડો.
- શિક્ષકોએ તેઓ જેઓને શીખવાની અસમર્થતાઓ હોય તેવાં બાળકોને શીખવવામાં જે નવા સ્વરૂપની તકનિકોનો ઉપયોગ કરતા હોય તેમનો એકબીજા સાથે માહિતી વિનિમય કરવા વિચારોમાં ભાગ પડાવતી કાર્યશાળાઓ યોજવી જોઈએ.
- વિદ્યાર્થીઓને તેઓના જુદી જુદી દિશાઓમાં વિચાર કરવાને અરસપરસ જણાવવાની અને તેમનું સમર્થન કરવાની તક આપો.
- વિદ્યાર્થીઓની તર્કબુદ્ધિને ઉત્તેજન આપો અને અમુક પરિસ્થિતિ અને પ્રસંગ વિશે તેઓ જે રીતે વિચારે છે અને લાગણી અનુભવે છે તેને માન આપો.
- આ બાળકોને શીખવતી વખતે બોલતા રહો. બાળકોને પાઠ સમજવામાં આ મદદ કરે છે.
- શિક્ષકોએ આ બાળકોના શીખવાને પ્રોત્સાહન આપવા વર્ગમાં ઉપયોગ કરવામાં આવતી રહેતી

રમતગમતો અને પ્રવૃત્તિઓમાં પણ ભાગ લેવો જોઈએ. આ રીતે શિક્ષક આ સમગ્ર શીખવાની પ્રક્રિયામાં ભાગીદાર અને સુવિધા કરી આપનાર પણ બને છે.

- આ બાળકોના શીખવાના કાર્યને ખરી દિશામાં વહેતા કરવાના પ્રયત્નોમાં યોજાતા અન્ય ચાવીરૂપ શબ્દોની પ્રશંસા કરો અને ઉત્તેજન આપો.
- યાદ રાખો કે 'કાર્યક્રમના વ્યક્તિગતકરણ'નો હંમેશાં એવો અર્થ થતો નથી કે બાળકને એક-પછી-એકના ધોરણે જ શીખવવાનું છે. તેનો તદ્દન સાદો અર્થ એ છે કે કાર્યક્રમને વિદ્યાર્થીની જરૂરિયાત અને સક્ષમતા અનુસાર જ કાપકૂપ કરેલો હોવો જોઈએ.

### ★ વિકલાંગ બાળકોની શીખવાની સિદ્ધિઓની આકારણી

એક ખાસ વિકલાંગ બાળકની શીખવાની સિદ્ધિની આકારણી કરવાની પદ્ધતિ તેની / તેણીની વિકલાંગતાના / સમર્થતાના સ્વરૂપ અને પ્રમાણ ઉપર આધાર રાખશે. શિક્ષકે વિશિષ્ટ પ્રકારની વિકલાંગતા / અસમર્થતા હોય તેવા બાળકની શીખવાની સિદ્ધિની આકારણી કેવી રીતે કરવી તે નક્કી કરવામાં ગણનાપાત્ર કલ્પનાશક્તિ અને સર્જકતા દર્શાવવી પડી શકે છે. ઉદાહરણ માટે થોડાક દાખલા નીચે આપ્યા છે :

### ★ દૃષ્ટિક્ષતિ પામેલાં બાળકોની આકારણી

દૃષ્ટિક્ષતિ પામેલાં બાળકોને ભાષાની મર્યાદાઓ હોતી નથી. તેમ છતાં દૃષ્ટિક્ષતિ એ માહિતી મેળવવાની વિકલાંગતા છે. આનો અર્થ એ છે કે દૃષ્ટિક્ષતિ થયેલું બાળક મોટા જથ્થામાં એવી માહિતી ચૂકી જાય છે જે બીજાં બાળકો હંમેશ મુજબ તેઓની આસપાસના પર્યાવરણને જોઈને અને તેનું અવલોકન કરીને મેળવે છે. તેઓની આકારણી બ્રેઈલમાં જવાબો લખવાનું કહીને અથવા જો શિક્ષક બ્રેઈલથી પરિચિત ન હોય તો તેઓને મૌખિક જવાબ આપવાનું કહીને કરી શકાય છે. વૈકલ્પિક રીતે કેટલાંક અન્ય બાળકોને દૃષ્ટિક્ષતિ પામેલ બાળકે બોલીને લખાવેલા જવાબ લખવા કહી શકાય છે. અલ્પદૃષ્ટિ બાળકનો જવાબો લખવા અથવા સોંપેલાં કાર્ય પૂરાં કરવા વધુ સમય આપી શકાય છે. યોગ્ય કિસ્સાઓમાં પ્રશ્નો પૂછવા માટે અને જવાબોની નોંધ કરવા માટે ટૅપ-રેકોર્ડરનો ઉપયોગ કરી શકાય છે. દૃષ્ટિક્ષતિ પામેલ બાળકના કિસ્સામાં, એ પણ મહત્ત્વનું છે કે તે / તેણીને સારા પ્રકાશમાં બેસાડવામાં આવે અને આજુબાજુનો વિસ્તાર કાચ જેવી ચમકતી લીસી સપાટીનો ન હોય.

### ★ શ્રવણક્ષતિ પામેલાં બાળકોની આકારણી

બીજી તરફ શ્રવણક્ષતિ પામેલાં બાળકોને માહિતીની વિકલાંગતા હોતી નથી, કારણ કે તેઓ તેમની આજુબાજુના પર્યાવરણનું અવલોકન કરીને શીખી શકે છે. તેમ છતાં, આ બાળકોની મોટી જરૂરિયાત છે ભાષાવિકાસ. તેથી આવાં બાળકોની આકારણી સંજ્ઞા ભાષાનો ઉપયોગ કરીને અથવા તેઓને ચિત્રો દર્શાવીને અથવા આવાં બાળકોની ભાષા તદ્દન અંતિમ છેડાની મર્યાદિત હોવાને કારણે તેઓની વ્યાકરણની ભૂલો તરફ દુર્લક્ષ કરીને બાળકને જવાબો લખવાનું કહીને કરી શકાય છે. શ્રવણની ક્ષતિ પામેલાં બાળકોને ત્રણ ભાષા શીખવવાના સૂત્ર-સિદ્ધાંતમાંથી મુક્તિ આપવી પડશે અને માત્ર એક જ ભાષા શીખવવી પડશે. આ બાળકોની ચિત્રો, ચમકતાં કાર્ડ અથવા પ્રત્યક્ષ ખરી વસ્તુઓ દર્શાવીને વસ્તુલક્ષી પ્રકારની કસોટીઓ યોજી શકાય છે.

### ★ સ્થળાંતરણીય વિકલાંગ બાળકોની આકારણી

જો બાળકને હાથ અને બાવડાંના હલનચલનની સમસ્યા હોય તો, તેને / તેણીને લહિયો પૂરો પાડી શકાય છે અને જવાબો લખવા માટે વધુ વધારાનો સમય આપી શકાય છે.

## ★ મંદબુદ્ધિતા અને શીખવાની અસમર્થતાઓ હોય તેવાં બાળકોની આકારણી

મંદબુદ્ધિ બાળકો અને શીખવાની અસમર્થતાઓ હોય તેવાં બાળકો બંનેને શીખવાની સમસ્યાઓ હોવાથી, આકારણી જેટલી શક્ય હોય તેટલી નક્કર હોવી જોઈએ. ચમકતાં કાર્ડ, ચિત્રો અને વાસ્તવિક ખરી વસ્તુઓનો ઉપયોગ કરીને વસ્તુલક્ષી પ્રકારની કસોટીઓ યોજી શકાય છે. બાળક પ્રશ્નોના જવાબ આપવાની શરૂઆત કરે તે પહેલાં શિક્ષકે અનેક વખત સૂચનાઓનું પુનરાવર્તન કરવું પડી શકે છે. ભાષા જેટલી શક્ય હોય તેટલી સરળ રાખવી જોઈએ. તેઓ વિચારવામાં અને પોતાને વ્યક્ત કરવામાં વધુ સમય લેતાં હોવાથી તેઓને વધુ વધારાના સમયની છૂટ આપવી જોઈએ. તેઓની આકારણી ભાષાને આધારે કરવાને બદલે જવાબોમાં સમાવિષ્ટ વિગતોને આધારે વધુ થવી જોઈએ. જ્યાં આવશ્યક હોય ત્યાં આવાં બાળકોએ બોલીને લખાવેલા જવાબો લખવા લહિયો પૂરો પાડવો જોઈએ અથવા પ્રશ્નો પૂછવા અને જવાબોની નોંધ કરવા ટૅપ-રેકોર્ડરનો ઉપયોગ કરી શકાય છે.

## ★ વ્યક્તિગતલક્ષી શૈક્ષણિક યોજના (ઇન્ડિવિઝ્યુઅલાઇઝ્ડ એજ્યુકેશન પ્લાન-આઈઈપી)

એક વખત આકારણી થઈ જાય કે બાળકને કોઈક પ્રકારની વિકલાંગતા છે તો, શિક્ષકે, બાળક માટે વ્યક્તિગતલક્ષી શિક્ષણ યોજના (આઈઈપી) તૈયાર કરવી જોઈએ. આઈઈપી એક પત્રક છે જેમાં સ્પષ્ટ કરેલા વિશેષ સમયના માળખાની અંદર વિશેષ જરૂરિયાતો હોય તેવા બાળકની જરૂરિયાતો, આવશ્યક વિશેષ સેવાઓ અને શક્ય સિદ્ધિઓની વિગતો લખેલી હોય છે. તેમાં બાળક માટે સૌથી વધુ યથાયોગ્ય શીખવાનું પર્યાવરણ પણ જણાવવું જોઈએ. ***નમૂનારૂપ આઈઈપી પત્રક હવે પછીના પાન ઉપર આપવામાં આવ્યું છે.***

### વ્યક્તિગતલક્ષી શૈક્ષણિક યોજના (ભાગ-અ)

| | | |
|---|---|---|
| બાળકનું નામ | : | |
| માતાપિતાનું નામ | : | |
| જન્મ-તારીખ (વય) | : | |
| બાળકનો વર્ગ | : | |
| બાળકની જાતિ (પુરુષ / સ્ત્રી) | : | |
| આઈઈપી ભરવાની તારીખ | : | |
| આઈઈપી ક્રમાંક | : | |
| બાળકનું સરનામું | : | |
| બાળક દ્વારા બોલાતી માતૃભાષા / ભાષા | : | |
| બાળકનો તબીબી ઇતિહાસ | : | |
| બાળકમાં વિકલાંગતાનો પ્રકાર | : | |
| વિકલાંગતાનું કારણ | : | |
| સાથે જોડાયેલી સ્થિતિઓ | : | |
| જવાબદાર શિક્ષક / શિક્ષકો | : | |

## વ્યક્તિગતલક્ષી શૈક્ષણિક યોજના (ભાગ-બ)

| | |
|---|---|
| બાળકને જેમાં તાલીમ આપવાની છે તે કુશળતા / પ્રવૃત્તિ | : |
| કુશળતા / પ્રવૃત્તિમાં કામગીરી સ્થિતિનું વર્તમાન સ્તર | : |
| તાલીમના આરંભની તારીખ | : |
| આવશ્યક સામગ્રીઓ | : |
| કાર્યવિધિ | : |
| મૂલ્યાંકનની તારીખ | : |
| તાલીમ બાદ બાળકની કુશળતા / પ્રવૃત્તિ વિશેની કામગીરી સ્થિતિનું ખરેખરું સ્તર | : |
| શેરો / સામનો કરવો પડેલી સમસ્યાઓ | : |

**શિક્ષકની સહી :** ____________________

## આપણે જે કંઈ શીખ્યા છીએ, ચાલો, તેનું ફરીથી સ્મરણ કરીએ

- આપણે વર્ગખંડને અવરોધમુક્ત બનાવવો જ પડશે.
- આપણે વિકલાંગ બાળકો માટે યોગ્ય બેઠક-વ્યવસ્થાની ખાતરી આપવી જોઈએ.
- આપણે વર્ગખંડની અંદર જ વિદ્યાર્થીઓને સુખ-સગવડકારક અનુભવ મેળવવામાં સહાય કરવી જોઈએ.
- આવી સહાય હોઠ-વાંચનની સુવિધા કરી આપવા ધીમી રીતે અને સ્પષ્ટ રીતે બોલનારા તેમજ શ્રવણક્ષતિનો સામનો કરતાં વિદ્યાર્થી સુધી વિસ્તરે છે.
- અલ્પદૃષ્ટિ વિદ્યાર્થીને પણ સામે બેસાડવો જોઈએ જેથી કાળું પાટિયું વધુ સારી રીતે દૃષ્ટિગમ્ય બને.
- દૃષ્ટિય ક્ષતિ પામેલને વર્ગખંડની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે સુવિધા કરી આપવી.
- સ્થળાંતરણીય અને અસ્થિવિષયક વિકલાંગને વર્ગખંડની એક બાજુ તરફ બેસાડવો જોઈએ.
- સમવયસ્ક આંતરક્રિયા (અરસપરસ વાતચીત અને વ્યવહાર)ને ઉત્તેજન આપવું જોઈએ.
- વિદ્યાર્થીઓ, માતાપિતાઓ અને કુટુંબનાં જૂથો સાથેની ચર્ચાઓ વર્ગખંડ ગતિશાસ્ત્રને સશક્ત બનાવવામાં મદદ કરે છે. અને સૌથી વધુ મહત્ત્વની રીતે, વિશિષ્ટ જરૂરિયાતો હોય તેવાં બાળકોના જીવનમાં મહત્ત્વપૂર્ણ તફાવત લાવવાની જવાબદારી સ્વીકારવામાં.
- આવું શીખવવાનું વાસ્તવિક રીતે વર્ગમાંના દરેક બાળકના શીખવાનાં સ્તરોને ઊંચે લઈ જાય છે.
- માતાપિતાઓ ટેકાસહાય આપનારા હોવાં જોઈએ અને તેઓએ વિકલાંગ બાળકો માટે ઘરે સાનુકૂળ પર્યાવરણ સર્જવું જોઈએ.
- વિવિધ વિકલાંગતાઓ હોય તેવાં બાળકોની શીખવાની સિદ્ધિની આકારણી કરવા યથાયોગ્ય પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ.
- દરેક વિકલાંગ બાળક માટે તેની / તેણીની સમયે સમયે પ્રગતિનું મૂલ્યાંકન કરવા આઈઈપી તૈયાર કરવો જોઈએ.

આ ઉપઘટક સર્વ શિક્ષકો માટે સર્વ શિક્ષા અભિયાન દ્વારા યોજેલા ૨૦ દિવસના શિક્ષક - પ્રશિક્ષણ કાર્યક્રમનો એક ભાગ છે. બે દિવસો સંમિલિત શિક્ષણના પ્રત્યક્ષ અનુભવ અવકાશ માટે ફાળવી શકાશે. આ ઉપઘટકની સ્વરૂપરચના એવી રીતે કરવામાં આવી છે કે તેને આ સમયગાળામાં આવરી લેવાનો છે અને તેને માત્ર પરિચયાત્મક પ્રત્યક્ષ અનુભવ અવકાશ તરીકે જ ગણવાનો છે.

**અપેક્ષિત નિષ્પત્તિરૂપ પરિણામો :**

આ ઉપઘટકના વાંચન પછી તમે નીચેની બાબતો કરી શકવા જોઈએ :

- સંમિલિત શિક્ષણનો અર્થ અને મહત્ત્વ સમજવાં.
- તમારા વર્ગખંડમાંનાં વિકલાંગ બાળકો (સીડબલ્યુડી)ની નિશ્ચિત ઓળખ કરવી અને તેઓને આગળ વધારાની તપાસ માટે યથાયોગ્ય સત્તાધિકારી પાસે મોકલવાં.
- સમવયસ્કોને વિકલાંગ બાળકો (સીડબલ્યુડી) પ્રત્યે યથાયોગ્ય વર્તન અપનાવવા માટે સલાહ આપવી.
- તમારા વર્ગખંડમાંનાં આ બાળકોને કેટલીક પાયાની મદદ આપવી.
- માતાપિતાઓને તેઓના વિકલાંગ બાળકના શિક્ષણમાં તેઓની ભૂમિકા વિશે કેટલીક માહિતી પૂરી પાડવી.
- જુદી જુદી વિકલાંગતાઓ હોય તેવાં બાળકોની આકારણી કરવાના યથાયોગ્ય નવા માર્ગ શોધવા.
- આઈઈપી (ઇન્ડિવિઝ્યુઅલાઇઝ્ડ એજ્યુકેશનલ પ્લાન) વિકસાવવો.

## પર્યાય સૂચિ (પસંદગીની)

Association : સાથસંબંધ
Blindness : દૃષ્ટિહીનતા
Brace : પોંચીબંધન
Callipers : ચામડાના કમરપટા સાથેનાં જોડાં
Camp : શિબિર
Chart : રેખાકૃતિઓ
Component : ઘટકતત્ત્વ
Critical Thinking : ગુણદોષશોધક વિચારક્રિયા
Crutches : બગલઘોડીઓ
Dictate : બોલીને લખાવવું
Disability : વિકલાંગતા / અસમર્થતા
Emotional : ભાવાત્મક
Equipment : યંત્રસાધનો / સાધનયંત્રો
Exposure : પ્રત્યક્ષ અનુભવ અવકાશ
Facilitator : સુવિધા કરી આપનાર
Foster : સંવર્ધન કરવું
Gestures : હાવભાવ અને અંગચેષ્ટાઓ
Graph : આલેખ
Individualization : વ્યક્તિગતકરણ

Individualized : વ્યક્તિગતલક્ષી
Lateral : એક આડી રેખા ઉપર
Learning Disabilities : શીખવાની અસમર્થતાઓ
Lip Reading : હોઠ-વાંચન
Low Vision : અલ્પદૃષ્ટિ
Make Faces : ચાળા પાડવા
Marked : નોંધપાત્ર
Mass : મોટા પાયે સામૂહિક
Minor : ગૌણ સ્વરૂપની
Module : લઘુઘટક
Multi-sensory : બહુવિધ સંવેદનતંત્રીય
Pedagogy : શિક્ષણવિદ્યા
Peer tutoring : સમવયસ્કોએ ઉપશિક્ષણ આપવું
Performance : કામગીરી-સ્થિતિ / કામગીરી-ગુણસ્થિતિ
Play way : રમત રીત
Ramp : ઢાળ અને વળાંક
Reasoning : તર્કબુદ્ધિ
Recount : ફરીથી સ્મરણ કરવું.
Regular : સામાન્ય / નિયમિત
Reinforce : દૃઢ ઠસાવવું
Sign Language : સંજ્ઞાભાષા
Splints : ચીપો / ભાંગેલા હાડકાંના ટુકડા
Squirm : ઈયળની જેમ વાંકુંચૂંકું ચાલવું
SSA : સર્વ શિક્ષા અભિયાન / સૌને શિક્ષણ અભિયાન
Support : સમર્થન / ટેકાસહાય
Tactile : સ્પર્શ સંવેદનીય
Volume switch : ધ્વનિપ્રમાણની કળ
Wheel Chair : પૈડાંવાળી / ફરતી ખુરશી

**સ્પષ્ટતાવિષયક પૂછપરછ માટે**
**સંપર્ક કરો : ફોન : ૦૭૯-૨૬૬૩૭૭૨૯ (રહે.)**